**નામદાર જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, માળીયા હાટીના**
**ફોજદારી કેસ નંબર–૮૪/૨૦૨૩ ના કામે આંક–૦૧ તળેનું સાંધણ...**

(૧) સદર રેકર્ડ વંચાણે લેતાં હાલની ફરિયાદ, ફરિયાદી દ્રારા તા.૨૦/૦૧/૨૦૨૩ નાં રોજ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ હેઠળ આરોપી સામે દાખલ કરેલ છે. ત્યારબાદ આરોપી સામે અત્રેની કોર્ટ દ્વારા સમન્સ/નોટીસ કરતાં બજીને આ કામે રજુ થયેલ છે. ત્યારથી આરોપી આ કામે હાજર રહેલ નથી. ત્યારબાદ આરોપી સામે અત્રેની કોર્ટ દ્વારા જામીનલાયક વોરંટ પણ કાઢવામાં આવેલ છે જે આરોપી હાજર મળી આવતાં ન હોવાનાં શેરા સાથે વગરબજે પરત આવેલ છે. સદર કામ ફરિયાદ પક્ષેથી આરોપીનું નવુ સરનામુ રજુ થવા તથા ફરિયાદીની હોમ બ્રાન્ચનો આધાર રજુ થયા માટે મુલત્વી હોવાથી આજસુધી ફરિયાદ પક્ષેથી આરોપીનું કોઈ નવુ સરનામુ રેકર્ડ ઉપર રજુ કરેલ નથી કે ફરિયાદીની હોમ બ્રાન્ચનો કોઈ આધાર રજુ કરેલ નથી અને ફકત મુદત અરજી રજુ કરેલ છે. સદર કામે ફરિયાદ પક્ષને આરોપીનું નવુ સરનામુ રજુ કરવા તથા ફરિયાદીની હોમ બ્રાન્ચનો આધાર રજુ કરવા માટે પુરતી તકો આપવા છતાં લાંબા સમયથી આરોપીનું નવુ સરનામુ કે હોમ બ્રાન્ચનો આધાર રજુ કરી શકેલ નથી કે કોઈ વિશેષ રજુઆત પણ ન હોય જેથી ફરિયાદ પક્ષને હાલની ફરિયાદ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોવાની તેમજ આરોપીના સરનામા વગર હાલની ફરિયાદ આગળ ચલાવી શકાય તેમ ન હોય તેવી હકિકત રેકર્ડ આધારીત સ્પષ્ટ જણાય આવે છે. આજ રોજ પણ ફરીયાદપક્ષે કોઈ હાજર રહેલ નથી.

(૨) આમ, હાલનો કેસ છેલ્લી ઘણી મુદતોથી બિનઅસરકારક રીતે અત્રેની કોર્ટમાં પડતર પડી રહેલ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ એસ. રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી (૨૦૦૮)(૦) એ.આઈ.આર.(એસ.સી.) ૨૦૬૬ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહિં, તે સાથે નામ. ગુજરાત હાઈકોર્ટના ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૯, તા.૧૮/૦૧/૨૦૧૦ નો ચૂકાદો ધ્યાને લેતાં, તેમાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ. વકિલશ્રી લાંબા સમયથી કાર્યવાહિમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહિ આગળ ચલાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતા ન હોઈ તો, તે બાબતે ફરિયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર બને છે. હાલના કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલની ફરિયાદ ફરિયાદપક્ષની બેદરકારી અને કશુરને લીધે રદ કરવાને પાત્ર હોવાથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) હાલની ફરિયાદ ફરિયાદપક્ષની બેદરકારી અને કશુરને કારણે રદ કરવામાં આવે છે.

(૨) આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ તારીખ : ૩૦ મી માહે : માર્ચ સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને મારી સહિ તથા સિકકો કરીને જાહેર કર્યો.

**સ્થળ :** માળીયા હાટીના.
**તારીખ :** ૩૦/૦૩/૨૦૨૬.

(બી. વી. ગોહિલ)
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**માળીયા હાટીના (કોડ નં.જીજે–૦૧૪૫૬)**